# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી

ટેન્ડર ફોર્મ નંબર.......................

રસીદ નંબર............................

તારીખ................................

## પ્રશ્નપત્ર છપાવવાનું ટેન્ડર

(૧) છાપકામની વિગત
યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાની યોજાનાર પરીક્ષાઓના પ્રશ્નપત્રો છાપીને યુનિવર્સિટીની જરૂરિયાત મુજબનું પેકિંગ કરી યુનિવર્સિટી કાર્યાલય સુધી પહોંચાડવાના રહેશે.

(૨) અન્ય વિગત
ટેકનિકલ બીડ-અ તથા કોમર્શિયલ બીડ-બમાં જણાવ્યા મુજબ

**નોંધ :** (૧) પ્રશ્નપત્ર સંપૂર્ણ રીતે છાપકામ સહિત તૈયાર કરવાના તમામ ભાવો સહિતના ફક્ત કોમર્શિયલ બીડમાંજ દર્શાવવાના રહેશે.

(૨) ભાવો ભરતા પહેલાં આ સાથે સામેલ ટેકનીકલ બીડ તથા કોમર્શિયલ બીડ એમ બંને બીડમાં દર્શાવેલ તમામ વિગતો કાળજીપૂર્વક અવશ્ય વાંચનમાં લેવું તથા રૂબરૂ માહિતી મેળવી લેવાની રહેશે.

(૩) ભાવપત્રક ભરનારે ટેકનીકલ બીડ ભાગ-અ તથા કોમર્શિયલ બીડ ભાગ-બના ભરેલ ટેન્ડર ફોર્મ અલગ અલગ સીલ બંધ કવરમાં મુકવાના રહેશે અને બંધ કવર ઉપર બીડના પ્રકારનો સ્પષ્ટ નિર્દેશ કરવાનો રહેશે. આ બંન્ને કવરો એક સીલબંધ કવરમાં મૂકી કુલસચિવશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્મ વર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ ના નામે મોકલવાના રહેશે. પ્રસ્તુત કવરના ઉપરના ભાગે **"પ્રશ્નપત્ર છપાવવાનું ટેન્ડર"** એવું સ્પષ્ટ નિર્દેશ કરવાનો રહેશે.

(૪) આ યુનિવર્સિટીની યોજાનાર જુદી જુદી પરીક્ષાના પ્રશ્નપત્રો કોમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિથી ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ છાપીને તૈયાર કરવાના તથા પૂરા પાડવાના રહેશે.

## : સૂચનાઓ :

(૧) પ્રશ્નપત્ર અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત ભાષામાં કોમ્પ્યુટરાઈઝ્ડ ડેટા એન્ટ્રી, પ્રૂફ રીડીંગ કરી, જરૂર જણાયે ઉપરોકત ભાષામાં ભાષાંતર કરી છાપવાના રહેશે.

(૨) પ્રશ્નપત્રના છાપકામનું કામ કરનાર પ્રેસમાં ઉપરોક્ત ભાષામાં ડેટા એન્ટ્રી કરી શકે તેવા ઓપરેટર તથા પ્રૂફ રીડીંગ કરી શકે તેવા વિષય નિષ્ણાતોનું હોવું જરૂરી છે.

(૩) પ્રશ્નપત્રના છાપકામનું કામ કરનાર પ્રેસ આ પ્રકારના કામ કરવામાં સક્ષમ હોવું જરૂરી છે તેમજ આ પ્રકારનું કામ અગાઉ કરેલ હોવું તેમજ હાલમાં કરતા હોવું જરૂરી છે.

(૪) ઉપરોક્ત કાર્ય ખુબજ ખાનગી તેમજ ગોપનીય રાહે કરવાનું રહેશે.

(૫) પેકિંગ મટીરીયલ ઉચ્ચ ગુણવત્તા ધરાવતું તેમજ ઉચ્ચ કક્ષાનું હોવું જરૂરી છે.

(૬) પ્રશ્નપત્રની ડીલીવરી બંધ બોડીની વાનમાં સ્પેશ્યલ એસ્કોર્ટ સાથે કરવાની રહેશે.

(૭) પ્રશ્નપત્રના મુદ્રણકાર્ય, પેકિંગ, ડીલીવરી ચાર્જીસ કુલસચિવશ્રી ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, ભુજ ને મોકલી આપવાના રહેશે.

(૮) યુનિવર્સિટી કાર્યાલય તરફથી ટેન્ડર નોટીસમાં દર્શાવવામાં આવેલ કાગળના નમૂના પ્રમાણે જ કામગીરી કરવાની અને તે મુજબના કાગળનો નમૂનો રજૂ કરવાનો રહેશે.

(૯) ટેન્ડરમાં ભરવાના ભાવો સેલ્સટેક્ષ કે બીજા અન્ય કરવેરાને ધ્યાનમાં રાખીને ભરવાના છે. આ બધા જ કરવેરા ટેન્ડર ભરનાર પાર્ટીના શીરે રહેશે. યુનિવર્સિટી તરફથી કોઇ ટેક્ષ કે કરવેરા અલાયદા ચૂકવવામાં આવશે નહિં.

(૧૦) ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૦૭/૧૨/૨૦૦૯ છે અને તે દિવસે ૪-૦૦ વાગ્યા સુધીમાં ટેન્ડર યુનિવર્સિટી કાર્યાલયમાં જરૂરી ડીપોઝીટની રકમ સહિત મળી જાય તે રીતે ફકત રજી.એ.ડી.થી મોકલી આપવાનું રહેશે. ત્યાર બાદ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

: ટેન્ડરની **શરતો** :

(૧) ટેન્ડરની ફોર્મ ફી રૂ. ૧૦૦૦/- રાખવામાં આવી છે અને તેમાં જ ભાવો ભરવાના રહેશે. ટેન્ડર સાથે સંલગ્ન અન્ય કોઇ વધુ સવલતની બાબતે ઉલ્લેખ જરૂરી હોય તો તે અંગેની સ્પષ્ટ વિગત ટેન્ડર ફોર્મમાં જ દર્શાવવાની રહેશે. બિડાણ તરીકે જુદા કાગળ પર દર્શાવેલ માહિતી માન્ય રાખવામાં આવશે નહિં.

(૨) નિયત ટેન્ડર ફોર્મમાં ભરેલા ભાવો જ સ્વીકારવામાં આવશે.

(૩) મહોર બંધ (સીલ) ટેન્ડર, ટેકનીકલ બીડ તથા કોમર્શિયલ બીડના બંને પરબીડિયામાં ઉપર ભાગે મોટા અક્ષરે **''પ્રશ્નપત્રના છાપકામ માટેનું ટેન્ડર''** એમ સ્પષ્ટ પણે લખી બંને સીલ બંધ કવરો ત્રીજા સીલબંધ કવરમાં બંધ કરેલાં હોવા જોઇએ. બહારના પરબીડિયા પર કુલસચિવશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી, ભુજનું સરનામું લખેલું હોવું જોઇએ તથા ઉપરના ભાગે **''પ્રશ્નપત્રના છાપકામ માટેનું ટેન્ડર''** લખેલું હોવું જોઇએ.

(૪) ટેન્ડરની સાથે નિયમ મુજબ બાના (અર્નેસ્ટમની) તરીકે રૂ. ૧,૦૦,૦૦૦/- (અંકે એક લાખ પૂરા)ની રકમની કુલસચિવશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી, ભુજ તથા પાર્ટીના સંયુક્ત નામની એફ.ડી. રસીદ ટેકનીકલ બીડમાં મુકવાની રહેશે. આવી એફ. ડી. વિનાનું ટેન્ડર અમાન્ય ગણી સ્વીકારવામાં આવશે નહિં.

(૫) જો અંદરના બંધ પરબીડિયાં સીલ કરેલ હશે નહિ તો અમાન્ય ગણી સ્વીકારવામાં આવશે નહિં.

(૬) શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિં.

(૭) જેમનું ટેન્ડર મંજૂર કરવામાં આવશે નહિ, તેમને બાનાની (અર્નેસ્ટમની) રકમ પરત કરવામાં આવશે. જેમનું ટેન્ડર સ્વીકારવામાં આવશે તેમણે બાનાની રકમ ઉપરાંત ૧,૦૦,૦૦૦/- (અંકે એક લાખ પૂરા) અનામત રકમ (સિક્યુરીટી ડિપોઝીટ) તરીકે યુનિવર્સિટી કાર્યાલયમાં ટેન્ડર મંજુર થયાની તારીખના ૭ (સાત) દિવસમાં ભરવાની રહેશે. તેમજ જિલ્લાના કલેક્ટરશ્રીનું અથવા બેંકનું સોલવન્સી સર્ટિફિકેટ તેટલા જ દિવસમાં રજૂ કરવું પડશે. જો તેમ કરવામાં પાર્ટી નિષ્ફળ જશે, તો તેમનો કોન્ટ્રાક્ટ રદ કરવાને પાત્ર થશે. છાપકામ શરત પ્રમાણે સંતોષકારક રીતે પૂરું થયેથી અનામત તથા બાનાની રકમ કરાર પૂરો થતાં પરત કરવામાં આવશે.

(૮) ઉપરોક્ત ટેન્ડર સમગ્રપણે અથવા વિભાગમાં, ઓછા યા વધતા ભાવવાળું મંજૂર કરવાના યુનિવર્સિટીને અબાધિત અધિકાર/હક્ક રહેશે અને તે માટેના કોઇ કારણો આપવામાં આવશે નહિં. તેમજ તે અંગેનો કોઇપણ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિં.

(૯) જે પાર્ટીનું ટેન્ડર મંજુર થાય તે પાર્ટી સમયસર કામ પૂરું ના કરે અગર જો તેમનું કામ યુનિવર્સિટીને સંતોષકારક માલુમ ના પડે તો બીજા સાધનો દ્વારા કરાવી લેવા અંગે જે કોઇ વધારાનો ખર્ચ યુનિવર્સિટીને થાય તે તમામ વધારાનો ખર્ચ તથા જેટલાં દિવસનો કામમાં વિલંબ થાય તે પ્રત્યેક દિવસ માટે રૂ. ૫૦૦/-ની રકમ કાપી લેવામાં આવશે અને / અથવા અનામત ડીપોઝીટની રકમ જપ્ત કરવાનો અબાધિત હક્ક યુનિવર્સિટીને રહેશે.

(૧૦) ઉપરોક્ત દર્શાવેલ ભાવો સિવાય અન્ય કોઈપણ જાતનો ખર્ચ જેવો કે, પેકીંગ, ફોરવર્ડીંગ, ટ્રાન્સપોર્ટેશન, જકાત, વેટ વિગેરે ચુકવવામાં આવશે નહિં. બીલની (બે નકલ) સાથે જે તે છાપકામ યુનિવર્સિટીને પહોંચાડવા અંગેની સહીવાળા ડીલીવરી ચલણની ઓરીજીનલ તથા ઝેરોક્ષ સહિતની ત્રણ નકલ મોકલવાની રહેશે. જે તે છાપકામની ડિલીવરી યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગને કરવાની રહેશે.

(૧૧) ટેન્ડર મંજૂર થયે ટેન્ડરની શરતો અનુસાર જેમનું ટેન્ડર મંજૂર કરવામાં આવે તે પાર્ટીએ જરૂરી રૂ. ૫૦/-ના સ્ટેમ્પ પેપર પર કરાર કરી આપવાનો રહેશે, જે અંગેનો તમામ ખર્ચ જે તે પાર્ટીના શીરે રહેશે.

(૧૨) આ કરાર છાપકામની શરૂઆતથી છાપકામ સંપૂર્ણ રીતે પૂરું થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(૧૩) પ્રસ્તુત મુદ્રણકાર્ય મંજૂર કરવામાં આવેલા ભાવ અનુસાર તેમજ ગોપનીય રાહે કરવાનું રહેશે.

(૧૪) પ્રસ્તુત મુદ્રણકાર્ય યુનિવર્સિટી તરફથી મોકલવામાં આવે તે મુજબ જ પાર્ટીએ કરવાનું રહેશે.

(૧૫) પ્રશ્નપત્ર છપામણીની ની કામગીરી સમય મર્યાદાની હોવાથી, જરૂર જમાયે તાત્કાલિક ધોરણે કામગીરી પૂર્ણ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેવા સંજોગોમાં પાર્ટીએ વધારાની યંત્ર સામગ્રી તથા સ્ટાફની વ્યવસ્થા કરવાની રહેશે અને તે અંગે પાર્ટીને કોઇ વધારાનો ચાર્જ ચૂકવવામાં આવશે નહિં.

(૧૭) ટેન્ડર ભરનાર સંસ્થા RBI / IBA તેમજ ISO પ્રમાણિત સંસ્થા હોવી જરૂરી છે. જે અંગેનું સર્ટિફીકેટ સાથે જોડવું આવશ્યક છે.

(૧૮) ટેન્ડર ભરનાર સંસ્થાની પ્રિન્ટીંગ કેપેસીટી દરરોજના ૧૦,૦૦,૦૦૦ પેજની હોવી જરૂરી છે.

(૧૯) જરૂર જણાયે યુનિવર્સિટીના અધિકારી/કર્મચારી જે તે પ્રેસ/એજન્સીના સ્થળ પર તેની ક્ષમતા બાબતે પણ ચકાસણી કરશે ત્યારે તેઓને સગવડ પૂરી પાડવાની રહેશે. પાર્ટીએ ટેન્ડરમાં દર્શાવેલ હકીકત ખોટી કે અપૂરતી જણાશે તો પાર્ટીનું ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર યુનિવર્સિટીને રહેશે.

(૨૦) ભાવપત્રકમાં દર્શાવેલ શરત સિવાયની સંસ્થાઓની અન્ય કોઈપણ શરતો માન્ય રાખવામાં આવશે નહિં. ટેન્ડર અંગેની ઉપરની શરતો તથા સૂચનો મને/અમને માન્ય છે અને તે સંપૂર્ણ રીતે વાંચી હું/અમે નીચે સહી કરનાર આ ટેન્ડર ભરીએ છીએ.

(૨૧) આ બાબતે ઉપસ્થિત થયેલ તમામ કાનૂની વિવાદો કચ્છ જીલ્લાની ન્યાયાલયની હુકુમત હેઠળ રહેશે.

# ટેન્ડરમાં ભરવાની વિગતો
## ભાગ-બ કોમર્શીયલ બીડ

(૧) અર્નેસ્ટ મની :

દરેક ટેન્ડર ભરનાર અર્નેસ્ટ મની (EMD) પોતાની પોતાની પેઢી તથા રજિસ્ટ્રારશ્રીના સંયુક્ત નામે અર્નેસ્ટ મની તરીકે ની એફ.ડી. રસીદ રૂ. ૧,૦૦,૦૦૦/- ની મુકવાની રહેશે. જે ભાગ-અ ટેકનિકલ બીડની અંદર જોડેલી હોવી જોઈએ. જો તેમ નહીં કરવામાં આવેલ હોય તો કોમર્શીયલ બીડનું ભાવનું કવર ખોલવામાં આવશે નહિં.

ભરેલા ભાવો ટેન્ડર મંજૂર થયેથી ૩ વર્ષની મુદત સુધી અમલમાં રહેશે તથા તે દરમ્યાન કોઈપણ પ્રકારનો ભાવ વધારો સંસ્થા આપશે નહિં.

| No. | Details | Rate |
|---|---|---|
| 1 | The Question papers correct in all respects as per the MSS supplied by the University, i.e. composing, proof reading, printing of Question papers<br>(approx size A4/A5 per page)<br>(i) First 90 copies or part thereof<br>(iI) First 150 copies or part thereof<br>(iiI) First 500 copies or part thereof<br>(iv) First 1000 copies or part thereof<br>(v) Subsequent 100 copies or part thereof<br>(vi) Proof reading, editing charges per page | |
| 2 | Drawing Charges (Per One) | |
| 3 | Folding, Stitching, Pasting into envelopes inclusive of the cost of Kraft papers envelopes and then printing<br>(i) Ten / Thirty copies into Kraft papers envelopes with seal<br>(ii) Ten / Thirty copies into cloth-line envelopes | |
| 4 | Plain Paper charges per 100 sheets per two page / one sheet of A4/A5 size | |
| 5 | Packing :<br>(i) Sealed Envelope to be packed in a corrguated card board box, covered on all sides with polythene closed and battened cross-wise with unbreakable nylon tape, sealed with a steel seal.<br>(i) In case centre-wise packing is required to be done at extra charges of box | |
| 6 | Delivery charges per trip up to University | |

સ્થળ : ટેન્ડર ભરનારની સહી

તથા

તારીખ : રબર સ્ટેમ્પ

# ટેન્ડરમાં ભરવાની વિગતો

ભાગ - અ - ટેકનિકલ બીડ

| | | |
|---|---|---|
| ૧. | પ્રેસનું નામ તથા સરનામું | : |
| ૨. | રજિ. ઓફિસ | : |
| ૩. | પ્રેસની ખરેખર જગ્યા | : |
| ૪. | સ્થાપનાનું વર્ષ | : |
| ૫. | પેઢીનો પ્રકાર (માલિકી, ભાગીદારી, HUF, પ્રા. લિમિટેડ કે લિમિટેડ કંપની. માલિકી સિવાયના પ્રકારમાં જરૂરી દસ્તાવેજની નકલ બીડવી) | : |
| ૬. | જવાબદાર વ્યક્તિનું નામ - સરનામું | : |
| | ફોન : (ઘર) ફેક્સ | : |
| | ઓફિસ : મોબાઈલ | : |
| | ઇ-મેઇલ : | |
| ૭. | બિલ્ડીંગનો કુલ એરિયા, પ્રેસ અને ઓફિસ સાથે | : |
| ૮. | સ્ટ્રોંગરૂમની વ્યવસ્થા (કુલ પ્લીન્થ એરિયા સાથે) | : |
| ૯. | કુલ સ્ટાફની સંખ્યા | : |
| | (અ) ટેકનિકલ સ્કિલ્ડ | |
| | (બ) એડમિનિસ્ટ્રીઅલ | |
| | (ક) અધર અનસ્કિલ્ડ | |
| | (ડ) સિક્યુરિટી સ્ટાફ | |
| ૧૦. | પ્રેસ પાસે પોતાની આગવી સલામતી વ્યવસ્થા છે તો કેવા પ્રકારની છે ? | : |
| ૧૧. | ગેટપાસ સિસ્ટમ રાખવામાં આવે છે ? | : |
| ૧૨. | સ્ટ્રોંગરૂમની સિક્યુરિટી વ્યવસ્થા કેવા પ્રકારની છે | : |
| ૧૩. | સ્ટેટ ગર્વમેન્ટની સાથે કેવા પ્રકારની નોંધણી ધરાવે છે ? | : |
| | (અ) રાજ્ય સરકાર : | |
| | (બ) કેન્દ્ર સરકાર : | |

૧૪. પ્રેસ રિઝર્વ બેન્ક અથવા આઈ.બી.એ. કે બન્ને દ્વારા કે અન્ય દ્વારા:

પ્રમાણિત સિક્યુરિટી પ્રેસની માન્યતા ધરાવે છે ?

૧૫. સેલ્સટેક્ષ રજિસ્ટ્રેશન નંબર :

૧૬. સેન્ટ્રલ સેલ્સટેક્ષ રજિસ્ટ્રેશન નંબર :

૧૭. ફેક્ટરી એક્ટ રજિસ્ટ્રેશન નંબર :

૧૮. પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (ઇન્કમટેક્ષ) :

૧૯. પ્રેસ એક્ટ હેઠળ નોંધણીના પ્રમાણપત્રની વિગત :

(અ) સેન્ટ્રલ એક્સાઈઝ નંબર :

૨૦. ખાનગી તથા ગોપનીય કામો કરતા હો તો તે પ્રકારની સંસ્થાઓની વિગત તથા તે પ્રકારના કામના અનુભવ અંગે તથા એ પ્રકારના કામો મળ્યાની વર્કઓર્ડરની નકલ બીડવી. :

૨૧. બેન્કના એકાઉન્ટ નંબર, સરનામા સાથેની વિગત :

૨૨. કુલ સ્થાપિત મશીનરી તથા ઇન્ફ્રાસ્ટ્રક્ચર કેપેસિટીની વિગત : :

(એ) કમ્પ્યુટરનો પ્રકાર તથા સંખ્યા :

(બી) સીસીડી સ્કેનરની સંખ્યા :

(સી) લેઝર પ્રિન્ટરની સાઈઝ તથા સંખ્યા (પ્રસ્થાપિત સ્પીડ સાથે)

(ડી) એક દિવસની ડેટા એન્ટ્રી સ્પીડ :

(ઇ) એક દિવસની કુલ લેઝર પ્રિન્ટની સંખ્યા :

(એફ) લેમિનેશન મશીનના પ્રકાર તથા સંખ્યા :

(જી) ડોટમેટ્રીક પ્રિન્ટરની સંખ્યા :

(એચ) ઓસીઆર / ઓએમઆર / આઈસીઆર સ્કેનરની સંખ્યા :

(આઈ) કલર ડિજિટલ પ્રેસનો પ્રકાર :

(જે) પ્લેટ મેકિંગ તથા પ્રોસેસની વ્યવસ્થા :

(કે) પ્લેટ મેકિંગ માટે કયા પ્રકારની પ્લેટ વાપરો છો ? :

(એલ) ઓફસેટ મશીનની સાઈઝ તથા :
સ્પીડ, કેટલા કલરનું છે
તેની વિગત સીંગલ કલર ટુ કલર થ્રી કલર ફોર કલર

સાઈઝ

(એમ) ઓનલાઈન નંબરિંગની વ્યવસ્થા :

(એન) ઇનહાઉસ સ્ક્રીન પ્રિન્ટની વ્યવસ્થા :

(પી) ઇનહાઉસ થર્મોગ્રાફ પ્રિન્ટીંગ :

(ક્યુ) હોલોગ્રામ કેટલા દિવસમાં પૂરા પાડી શકો ? :

(આર) કટિંગ મશીન મેન્યુઅલ, સેમિ ઓટોમેટિક કે કોમ્પ્યુટર પ્રોગ્રામિંગવાળું છે તેની વિગત :

(એસ) નંબરિંગ મશીનની સંખ્યા તથા કેટલા ડિજિટના છે ? :

(ટી) શ્રીંક રેપિંગ બોક્સ સ્ટ્રેપિંગની વ્યવસ્થા છે કે નહીં ? :

(યુ) વીજળી ફેઈલયોરમાં વૈકલ્પિક વ્યવસ્થા :

(વી) છેલ્લા ત્રણ વર્ષના ઓડિટેડ બેલેન્સશીટની નકલ જોડવી :

(એક્સ) છેલ્લા પાંચ વર્ષના વાર્ષિક ટર્નઓવરની વિગત :

(વાય) ડિઝાઇનિંગની વ્યવસ્થા તથા ગ્રાફિક ડિઝાઇનર અંગે વિગત :

Licenced Softwareની વિગત

CorelDRAW Version & Lic. No. :

Photoshop Version & Lic. No. :

Adobe CS Version & Lic. No. :

Security Design માટેના Softwareની વિગત પણ આપવી. :

(ઝેડ) આ સિવાયની અન્ય આપની સંસ્થા અંગે ટેકનિકલ વિગતોની માહિતી હોય તો આપવી :